૯

**ડૉ.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજનામાં સહાયની રકમમાં વધારો કરવા બાબત.**

**રૂ.૬૦૦.૦૦ લાખ**

**ગુજરાત સરકાર**
**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**
**ઠરાવ ક્રમાંક: અજાક/૧૦૨૦૨૧/૫૧૮૩૬૬/ન.બા.૦૧/ગ**
**સચિવાલય, ગાંધીનગર**
**તા:૧૧/૦૪/૨૦૨૨**

**વંચાણે લીધા:-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૪/૦૪/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક: અજાક/૧૦૨૦૧૭/૬૪૭૫૭૦/ન.બા.૧૩/ગ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૫/૦૩/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક: અજાક/૧૦૨૦૧૭/૬૪૭૫૭૦/ન.બા.૧૩/ગ

(૩) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા.૨૭/૧૧/૨૦૨૧નો પત્ર ક્રમાંક: અજાક/મ/૫/૨૦૨૧/૫૮૭૬-૭૭

(૪) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા.૨૫/૦૩/૨૦૨૨નો પત્ર ક્રમાંક: અજાક/મ/૫/૨૦૨૨/૨૯૧૩

**આમુખ:**

વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના ઠરાવથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની ડૉ.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજનામાં યુગલદીઠ રૂ.૧.૦૦ લાખની સહાય આપવામાં આવે છે. વંચાણે લીધેલ ક્રમાંક: (૨) પરના ઠરાવથી આ યોજનાની રૂ.૧.૦૦ લાખની સહાય પૈકી રૂ.૫૦,૦૦૦/- પતી પત્નીના સંયુકત નામે નાની બચતમાં પ્રમાણપત્રો ભેટ સ્વરૂપે અને રૂ.૫૦,૦૦૦/- ઘર વપરાશના સાધનો ખરીદવા માટે રોકડ સહાયરૂપે લાભાર્થીને આપવામાં આવે છે. વંચાણે લીધેલ ક્રમાંક: (૩) પરના પત્રથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા આ યોજનામાં આપવામાં આવતી રૂ.૧.૦૦ લાખની સહાય વધારીને રૂ.૨.૫૦ લાખ કરવાની નવી બાબત રજૂ કરવામાં આવેલ હતી. જેનો નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં ચાલુ બાબત તરીકે સમાવેશ કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક: (૪) પરના પત્રથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા યુગલને આપવામાં આવનાર સહાયની રૂ.૨.૫૦ લાખની રકમ પૈકી રૂ.૧.૦૦ લાખની સહાય પતિ પત્નીના સંયુકત નામે નાની બચતમાં પ્રમાણપત્રો ભેટ સ્વરૂપે તથા રૂ.૧.૫૦ લાખની રકમ ઘર વપરાશના સાધનો ખરીદવા માટે DBT મારફત ચુકવવાની મંજૂરી આપવા દરખાસ્ત કરેલ છે. જેને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે, નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની ડૉ.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજનામાં કેન્દ્ર સરકારના રૂ.૨.૫૦ લાખના સહાયના ધોરણ મુજબ જ રાજ્ય સરકારની યોજનામાં હાલમાં ચૂકવાતી રૂ.૧.૦૦ લાખની સહાયમાં વધારો કરીને રૂ.૨.૫૦ લાખ કરવા અંગેની રૂ.૬૦૦.૦૦ લાખની ચાલુ બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:-

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૨૨-૨૩ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખતના લાગુ પડતા ઠરાવો/પરીપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૮) આ યોજના હેઠળ આપવામાં આવતી રૂ.૨.૫૦ લાખની સહાય પૈકી રૂ.૧.૦૦ લાખની સહાય પતિ પત્નીના સંયુકત નામે નાની બચતમાં પ્રમાણપત્રો ભેટ સ્વરૂપે તથા રૂ.૧.૫૦ લાખની સહાય ઘર વપરાશના સાધનો ખરીદવા માટે DBTથી ચુકવવાની રહેશે.

(૯) સદર વહીવટી મંજૂરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજૂરી આપોઆપ રદ ગણાશે.

(૧૦) કેન્દ્ર સહાયિત યોજનામાં ફંડ કેન્દ્ર સરકાર ફાળવે તે મુજબ જ યોજનાકીય લાભ લાભાર્થીને આપવાનો રહેશે.

(૧૧) યુગલના લગ્ન જે તારીખે થયેલ હોય તે તારીખે જે સહાયના દર અમલમાં હોય તે દર મુજબ સહાય મંજૂર કરવાની રહેશે.

(૧૨) આ યોજનાને C.M. Dash Board સાથે Link કરવાની રહેશે.

(૧૩) યોજનામાં લાભાર્થીને આપવામાં આવતા લાભ માટે DBT પધ્ધતિ અનુસરવાની રહેશે.

(૧૪) યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૧૫) પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.

(૧૬) ઓનલાઈન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

(૧૭) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૮) સોશિયો ઇકોનોમિક ઇમ્પેક્ટ ઇવેલ્યુએશન / એસેસમેન્ટ કરવાનું રહેશે.

(૧૯) આ યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

આ અંગેનો ખર્ચ અંદાજપત્ર માંગણી ક્રમાંક : ૯૫, મુખ્ય સદર : ૨૨૨૫, અનુસૂચિત જાતિઓ, અનુ.જનજાતિ આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતિઓના કલ્યાણ, પેટા મુખ્ય સદર : ૦૧-અનુજાતિનુ કલ્યાણ, ગૌણ સદર : ૭૮૯-અનુસૂચિત જાતિઓ માટેની ખાસ અંગીભૂત યોજના, પેટા સદર : (૨૧) SCW-૪૭ ડૉ.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના(CSS 50%) હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ ઠરાવ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૪/૪/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અનવ્યે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ.રાજેશ આર. બલદાણિયા)

ઉપસચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

<u>નકલ રવાના:-</u>

- માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(અ.જા.ક)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સા.ન્યા. અને અ.વિ. સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(ના.વિ.)નાં અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ખર્ચ)ના ના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.અને અધિકારિતા વિભાગ), સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ૪/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી(બજેટ, કોમપ્યુટર સેલ) સા.ન્યા. અને અ.વિ. , સચિવાલય, ગાંધીનગર, વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.
- સિલેકટ ફાઇલ-૨૦૨૨